જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૫/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૨૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૯૩	૫	૧૧૪૯૮	૧૭૬૧૨	૫	૧૭૬૧૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૩	૨	૮૫	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૮૮૮૧	૩૨૬	૪૯૨૦૭	૪૯૫૮૩	૩૩૦	૪૯૯૧૩
કુલ		૬૫૧૬૫	૩૩૩	૬૫૪૯૮	૭૩૭૩૯	૩૩૫	૭૪૦૭૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨	૧,૭૫,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૫૮	૧૮,૫૮,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પીસીબી

અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રહેણાક મકાનમાંથી વિદેશી દારુની બોટલ/ બિયર ટીન નંગ-૧૬૨ કિ.રૂ.૩૯૫૧૦ / સાથે કુલ્લે રૂ.૪૦,૧૦૦/- મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે તથા પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી ના માર્ગદર્શન હેઠળ તા.૨૬.૫.૨૧ રોજ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ, અહેકો દીપનારાયણ રાજનારાયણ, અહેકો મનોજભાઈ વિઠલભાઈ તથા અહેકો પ્રદીપસિહ બળવંતસિહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો દીપનારાયણ રાજનારાયણ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી મનસુખભાઈ મોહનભાઈ નાડીયા નાઓના કબ્જા ભોગવટાવાળા મકાન શકતીનગર વિભાગ- ૬ સંતોષી માતાના મંદિર પાસે ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ ખાતે પંચો સાથે રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી નંગ ૧૬૨ કિ.રુ ૩૯,૫૧૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪૦,૧૦૦/- સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી અમરાઈવાડી પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૦૪૨૧૦૮૫૭.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી:

(૧) મનસુખભાઈ મોહનભાઈ નાડીયા રહે. શકતીનગર, વિભાગ-૬ સંતોષી માતાના મંદિર પાસે ભીલવાડા, અમરાઈવાડી, અમદાવાદ

વોન્ટેડ આરોપીઓ:

(૧) મયુર મનસુખભાઈ નાડીયા રહે. શકતીનગર, વિભાગ-૬ સંતોષી માતાના મંદિર પાસે ભીલવાડા, અમરાઈવાડી, અમદાવાદ
(૨) ગણીયો રહે.ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ જેનુ પુરુ નામ સરનામુ જાણવા મળેલ નથી
(૩) કરણ રહે.ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ જેનુ પુરુ નામ સરનામુ જાણવા મળેલ નથી

ગુનાની જગ્યા :

પકડાયેલ આરોપી મનસુખભાઈ મોહનભાઈ નાડીયા નાઓના કબ્જા ભોગવટાવાળા મકાન શક્તિનગર વિભાગ- ૬ સંતોષી માતાના મંદિર પાસે ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ ખાતેથી

પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો/ટીન બીયર નંગ ૧૬૨ કિ.રૂ. ૩૯,૫૧૦/ (૨) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ.૫૦૦/ મળી કુલ્લે.રૂ. ૪૦,૦૧૦/ નો મુદામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૨૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૧૦ લીટર દેશી દારૂ, ૧૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૧ કાર, ૧ છોટા હાથી અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૨૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૨૩/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ સાક્ષી ડો/ઓ રવિન્દ્ર ડોગરા (ઉ.વ.૨૭) (રહે. વિભાગ-૧ ભાલેશ્વર સોસાયટી જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૨૫/૦૫/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૯૯૦૩૨૭૭૯૨ ના ધારકે સાક્ષી ડોગરાને ફોન કરી પોતાની ઓળખ આર.બી.એલ બેંકમાંથી વરૂણ નામની વ્યક્તિ બોલતા હોવાનુ જણાવી સાક્ષી ડોગરાને આર.બી.એલ બેંકના બે ક્રેડીટકાર્ડ હોવાથી મર્જ કરી દીધેલ હોવાનુ તેમજ કાર્ડની સંયુક્ત ઉપાડ લીમીટ કુલ રૂપિયા ૧,૨૪,૦૦૦/- રહેશે અને એક કાર્ડ બંધ કરાવવુ પડશે તેમ જણાવી કાર્ડ બંધ કરવા એક રજીસ્ટ્રેશન કોડ આવશે જે આપવાનો રહેશે તેમ કહી સાક્ષી ડોગરાના મોબાઇલમાં આવેલ કોડ મેળવી લઈ સાક્ષી ડોગરાના બજાજ ફીનસર્વ ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૦૩,૦૫૦/- જુદા-જુદા ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

મણીનગરઃ ધ્રુવેશ ઈન્દ્રવદન અજમેરી (રહે. શિવશક્તિ સોસાયટી દેના બેન્ક પાછળ જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૨૫/૦૫/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા ખાતે આવેલ rupeek fintech pvt ltd કંપનીના રેગ્યુલર ગ્રાહક જકીન જીતેન્દ્રભાઇ શાહ (રહે. સરોવર એપાર્ટમેન્ટ હીરાભાઇ ટાવર રોડ ઉત્તમનગર મણીનગર સુર્યા સીટી પાસે) એ પોતાની પાસે ૮૪૪.૭૮ ગ્રામ સોનુ હોવાનુ કહી ગોલ્ડ લોન લેવાની હોવાનુ જણાવતા લોન પ્રોસેસ કરતા કંપનીએ ૨૪,૦૮,૩૦૦/- ગોલ્ડ લોન મંજુર કરેલ જે નાણા મેળવી લઈ જકીન શાહે ૩૧૭ ગ્રામ સોનુ કંપનીમાં જમા કરાવેલ અને બાકીનુ ૫૨૭ ગ્રામ સોનુ (૫૨૭ ગ્રામ સોનાના અવેજીમાં આશરે રૂપિયા ૧૩,૮૮,૩૦૦/-) આજદીન સુધી કંપનીમાં જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૨૪/૨૦૨૧**

કૃષ્ણનગરઃ ભગ્ગનભાઇ સરજુપ્રસાદ ગુપ્તા (રહે. વિભાગ-૨ પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૨૫/૦૫/૨૧ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૯,૯૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૨૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ મોનાબહેન પવનકુમાર અગ્રવાલ (ઉવ.૪૭) (રહે. માલાબાર કાઉન્ટી-૧ નિરમા યુનિવર્સીટી પાછળ એસ.જી.હાઈવે) એ તા.૨૫/૦૫/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોનાબહેન હેર કટીંગ શીખવા જતા હતા ત્યારે પાર્થ ધર્મેશભાઈ પારેખ (રહે.બપોલ) સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ પાર્થ પારેખ હેર સ્પા માટે માહે નવેમ્બર/૨૦૧૯ થી ઓગસ્ટ/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોનાબહેન અવાર-નવાર હેર સ્પા માટે પાર્થ પારેખને પોતાના ઘરે બોલાવતા હતા. જે સમયગાળા દરમ્યાન મોનાબહેનના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૭૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

સેડ ઉપરથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૨૬/૨૦૨૧**

વટવા જી.આઇ.ડી.સીઃ ચેતનભાઇ હેમાભાઈ ચાવડા (ઉ.વ.૩૨)(રહે.મનજીભીલની નવી ચાલી અગ્રવાલ કંપાઉન્ડની બાજુમાં અમરાઈવાડી પોસ્ટ ઓફીસ સામે અમરાઈવાડી) તા.૨૫/૦૫/૨૦૨૧ બપોરના ૧/૪૦ વાગ્યા પહેલા વટવા જીઆઈડીસી ફેઝ-૩ પ્લોટ નં-૨૦૨૬ "મહાવીર કેમીકલ" નામની કંપનીમાં સેડમાં પતરા સરખા કરવાનુ કામ કરતા હતા ત્યારે સેડ ઉપરથી પતરૂં તુટી જતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૨૭/૨૦૨૧**

શહેરકોટડાઃ હર્ષદભાઇ કનુભાઇ પરમાર (ઉ.વ.૩૪) (રહે.હરસિધ્ધ સોસાયટી વિભાગ-૨ પંચવટી એસ્ટેટ પાછળ મેમ્કો નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૫/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાના છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિહ જુજારસિહ ચલાવે છે.

શાહીબાગઃ પાયલબહેન ડો/ઓ ચંદુભાઇ ચાવડા (ઉ.વ.૧૭) (રહે. ઠાકોરવાસ પરમેશ્વર પાર્કના છાપરાં "બી" કોલોની પાસે સિવિલ હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યા પહેલા શાશ્વત એપાર્ટમેન્ટ "એ" બ્લોકના પાંચમાં માળના ધાબા ઉપર આવેલ લીફ્ટના રૂમમાં ગળામાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

કાગડાપીઠઃ વિજયભાઇ ગોવિંદભાઇ મહેતા (ઉ.વ.૫૦) (રહે.મજુરગામ સોસાયટી ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૫/૨૦૨૧ રાતના ૯/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી